દાખલ તારીખ – ૨૫/૧૧/૨૦૨૫
નોંધ્યા તારીખ – ૨૫/૧૧/૨૦૨૫
**ફેંસલ તારીખ – ૦૧/૦૪/૨૦૨૬**
સમયગાળો – વર્ષ – માસ – દીવસ
– ૦૪ – ૦૭

❖~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~❖

**પાટણના મે. એડી. ચીફ જ્યુ. મેજી. સાહેબની કોર્ટ મું. પાટણ.**

❖~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~❖

**ફોજદારી કેસ નં. ઃ– ૩૮૪૫/૨૦૨૫**
**આંક ઃ– ૦૯**

**ફરીયાદી ઃ–** **શ્રી સરકાર...**

**વિરૂદ્ધ**

**આરોપી ઃ–** **દીનેશભાઈ મહેશભાઈ પટણી**
ઉ.વ.આ.૨૪, કમલીવાડા, તા.જી.પાટણ

**ગુનો ઃ બી.એન.એસ.ની કલમ – ૩૦૩(૨)મુજબ..**

❖~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~❖

**ફરીયાદ પક્ષ તરફે વિ.એ.પી.પી. શ્રી સી.એલ. દરજી**
**આરોપી તરફે વિ.વ.શ્રી. એસ.આર.ચૌહાણ**

❖~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~❖

## ❖~~ <u>ઠરાવ</u> ~~❖

(૧) હાલના કામે ફરીયાદ પક્ષની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામના તહોમતદારનાઓ આ કામના ફરીયાદીનો ઓપો કંપનીનો એ–૩૮ મોડલનો બ્લેક કલરનો મોબાઈલ જેનો આઈએમઈઆઈ નં. ૮૬૪૨૧૪૦૬૨૦૫૦૦૩૫૮ નો છે. જેની હાલની કિં.રૂા.૫,૦૦૦/– ની ગણાય જે પાટણ સિબદ્ધાનગર આગળ આવેલ કુટની લારી ઉપરથી ગઈ તા.૧૧/૦૨/૨૦૨૫ સવાર કલાક૧૧/૦૦ થી કલાક ૧૧/૧૫ વાગ્યા દરમ્યાન ચોરી કરી બી.એન.એસ કલમો ૩૦૩(૨) મુજબ શિક્ષાને પાત્ર ગુન્હો આ કોર્ટની હુકમતમાં કરેલ છે. તે અંગેની ફરીયાદ આ કામના ફરીયાદી કેસરભાઈ જીવણભાઈ રબારીનાઓએ પો. સ્ટે. દાખલ કરાવેલી. જે ફરીયાદ

મુજબ પાટણ સીટી બી ડીવીઝન પો. સ્ટે. ગુના રજી. નં. ૧૧૨૧૭૦૨૦૨૫ ૦૧૪૭/૨૦૨૫ થી ગુનો દાખલ કરી તપાસ કરનાર અધીકારીએ તપાસ કરી તપાસના અંતે એરોપી વિરૂદ્ધ અક્ષેપિત ગુનાનું ચાર્જશીટ દાખલ કરેલ છે.

(૨) ચાર્જશીટ રજુ થયા બાદ તે રજીસ્ટરે લઈ આરોપીને હાજર રહેવા સમન્સ કરવામાં આવતા તેઓ પોતાના વિ. વ.શ્રી મારફત હાજર રહેતા આરોપીને તેની વિરૂદ્ધના પોલીસ તપાસના કાગળોની નકલો સી.આર.પી.સી. કલમ – ૨૦૭ મુજબ આપવામાં આવેલી. તે બાદ આરોપી વિરુદ્ધ તેના ગુના સબબ આંક – ૪ થી પ્લી રેકર્ડ કરતાં આરોપીએ ગુનાનો ઈન્કાર કરતાં ફરીયાદ પક્ષનો કેસ પુરાવો લેવા મુલતવી રાખવામાં આવેલો.

(૩) ફરીયાદપક્ષ તરફે નીચે મુજબનો મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલ છે.

**–:: મૌખિક પુરાવો ::–**

| અનુ. નં. | મૌખિક પુરાવાની વિગત | આંક નંબર |
|---|---|---|
| ૧. | મૂળ ફરીયાદી કેસરભાઈ જીવણભાઈ રબારી | ૦૫ |

**–:: દસ્તાવેજી પુરાવો ::–**

| અનુ. નં. | દસ્તાવેજી પુરાવાની વિગત | આંક નંબર |
|---|---|---|
| ૧. | ફરિયાદી કેસરભાઈ જીવણભાઈ રબારીનાઓએ એ આપેલ ફરિયાદ | ૦૬ |
| ૨. | ગુન્હાવાળી જગ્યાના પંચનામાંની નકલ. | |
| ૩. | મોબાઈલ રીકવર અંગેનું પંચનામું. | |
| ૪. | ચાર્જશીટ કાઉન્ટરની નકલ. | |
| ૫. | કલોઝીંગ પુરશીસ. | ૦૮ |

(૪) ત્યારબાદ ફરિયાદપક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી સી.એલ. દરજી તથા આરોપી તરફે વિ. વ. શ્રી એસ.આર.ચૌહાણની દલીલો સાંભળી.

(૫) આ કામે નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉદ્‌ભવે છે.

૧. શું ફરિયાદ પક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ ફરીયાદીનો મોબાઈલ ચોરી કરી બી.એન.એસ કલમો ૩૦૩(૨) મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે.

૨. શું હુકમ ?

(૬) ઉપરોક્ત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે.

૧. નકારમાં.

૨. આખરી હુકમ મુજબ.

## **ઃ કારણો ઃ**

**ઃ મુદ્દા નં. ૧. ઃ**

(૭) સદર કામે ફરિયાદપક્ષ તરફે ફરિયાદી કેસરભાઈ જીવણભાઈ રબારીને આંક – ૦૫ થી તપાસવામાં આવેલ છે. સદર ફરીયાદીની સરતપાસ જોતા તેઓ બી.એમ.પટેલ સ્કુલ ઓફ નર્સીગમાં હાજીપુર ખાતે સાત–આઠ વર્ષથી પ્યુન તરીકે ફરજ બજાવે છે. તેમની પાસે ઓપો એ ૩૮ મોડલનો મોબાઇલ તા.૨૬/૧૦/૨૦૨૩ ના રોજ જલારામ સેલ્સ નામની દુકાનેથી ખરીદ કરેલો અને તે મોબાઇલનો તેઓ ઉપયોગ કરતા હતા. ગઇ તા.૧૧/૦૨/૨૦૨૪ ના રોજ તેઓ સવારે આશરે અગિયાર વાગ્યા સુમારે સુભદ્રાનગરના બહારના ભાગે ઉભા રહેતા ફુટની લારીવાળા પાસે ફ્રુટ લેવા સારુ ગયેલો અને તેઓ ત્યાંથી ફ્રુટ લઇને થોડા આગળ જતા તેમનો મોબાઇલ તેમના શર્ટના ખીસ્સામાં હતો નહી જેથી તેઓએ આજુબાજુમાં તપાસ કરતાં તેમનો મોબાઇલ મળી આવેલ નહી જેથી આ તેમના મોબાઇલની કિં.રૂા.૫,૦૦૦/– નો હોય જેથી તેઓએ બી ડીવી.પો.સ્ટે. ફરીયાદ આપેલી, જે ફરીયાદ રજુ દા.આંક–૦૬ આપવામાં આવે છે. આ ફરીયાદ આપ્યા બાદ પોલીસે કોઇ ઇસમ પાસેથી તેમનો મોબાઇલ કબજે કરેલ હોય જેથી તે અંગેની તેમને જાણ થતા તેઓએ નામ.કોર્ટમાંથી મોબાઇલ મેળવવા સારુ અરજી કરેલી જેથી તે અરજીના કામે નામ.કોર્ટે તેઓને

મોબાઈલ વચગાળાના હુકમ ઉપર પરત કરેલ જેથી સદર મોબાઈલ તેઓને કાયમી ખાતે પરત કરવા વિનંતી કરેલ છે. તેમને મુદ્દામાલની અરજી બતાવવામાં આવે છે જેમાં તેમની સહી છે જે અસલ અરજી રજુ દા.આંક–૦૭ આપવામાં આવે છે.

(૯) સદર કામે ૩૧ મી જુલાઈ, ૧૯૯૬ સતીષ મહેરા વિરૂધ્ધ એડમીનીસ્ટ્રેટીવ અને બીજાઓના ચુકાદામાં પ્રસ્થાપિત થયેલ સિધ્ધાંત ધ્યાને લઈએ તો હાલના કામમાં ફરીયાદ પક્ષે જે પુરાવો બંધ કરવા જણાવેલ છે ત્યારે અને હાલના જેટલા પણ પુરાવાઓ રજુ થયેલ છે. તેનાથી ફરીયાદ પક્ષ પોતાનો કેસ સાબિત કરવામાં નિષ્ફળ નીવડે છે અને બાકી રહી જતા સાહેદોને તપાસીને પોતાનો કેસ મજબૂત કરવામાં ફરીયાદ પક્ષ નિષ્ફળ નીવડવાની શકયતાઓ રહેલ છે. કારણ કે, હાલના કામના અગત્યના સાહેદ ફરીયાદી ખુદ ફરીયાદ પક્ષના કેસની વિગતોને એટલે કે, ફરીયાદીની તરફેણમાં કોઈ જ પુરાવા આપતા નથી તો બાકી રહી જતાં સાહેદોને તપાસી કોર્ટનો અમુલ્ય સમય બગડતો અટકાવવા માટે સદર કેસમાં જણાવેલ સિધ્ધાંત લક્ષમાં લઈ અન્ય સાહેદોને તપાસેલા નથી જે ન્યાયોચિત જણાય છે.

(૧૦) આમ, આ તબકકે નામ. સુપ્રિમ કોર્ટનો ચુકાદો ધ્યાને લઈએ તો,

(1) **AIR 1977 SC 170 -**
**RABINDRA KUMAR DEY V/S STATS OF ORRISA**

1) That the onus lies affirmatively on the prosecution to prove its case beyond reasonable doubt and it cannot derive any benefit from weakness or falsity of the defence version while proving its case;

2) That in a criminal trial the accused must be presumed to be innocent unless he is proved to be guilty; and

3) That the onus of the prosecution never shifts.

(૧૧) આમ, હાલના કામે અન્ય સાહેદોને તપાસવામાં આવેલ નથી કે પંચ સાહેદ કે તપાસ કરનાર અમલદારને પણ તપાસવામાં આવેલ નથી. હાલના કામે ફરીયાદીની ઉલટતપાસ કરવામાં આવેલ નથી. તેથી હાલના કામે આરોપી વિરૂધ્ધ રજુ થયેલ પુરાવો વંચાણે લેતાં આરોપીને હાલના ગુનાના કામે તકસીરવાન ઠરાવી શકાય નહી. આ તમામ પાસાઓ ધ્યાને લેતાં ફરીયાદ પક્ષ મુદ્દા નં.૧ પુરવાર કરવામાં નિષ્ફળ નીવડેલ હોવાનું સાબિત થાય છે. આથી મુદ્દા નં.૧ નો જવાબ નકારમાં આપી, મુદ્દા નં. ૨ અંગે ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## ❖~~ હુ ક મ ~~❖

૧. આ કામના આરોપી **દીનેશભાઈ મહેશભાઈ પટણી** ઉ.વ.આ.૨૪, કમલીવાડા, તા.જી.પાટણનાઓને બી.એન.એસની કલમ-૩૦૨(૨) મુજબના શિક્ષાપાત્ર ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

૨. આરોપીએ અગાઉ આપેલ જામીન કિ.પ્રો.કોડની કલમ-૪૩૭(એ) મુજબ આજથી છ માસ માટે ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તા. ૧લી, માહે એપ્રીલ, સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા.૦૧/૦૪/૨૦૨૬

પાટણ.

**(ધીરેન મનહરલાલ ચૌહાણ)**
**એડી. ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ,**
**પાટણ**
Code No.GJ-01006

**DSS**